ગુજરાત રાજ્ય અન્ન આયોગ

ગુજરાત સરકાર

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો નો વિભાગ

# ગુજરાત રાજ્ય અન્ન આયોગ

## ચોથો વાર્ષિક અહેવાલ
## ૨૦૨૦-૨૧

''અન્ન ભવન'' ટાઉન હોલની બાજુમાં સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭

ફોન નંબર.(૦૭૯) ૨૩૨ ૫૮૪૮૩/૮૫

**E-mail ID:** sfc-gujarat@gujarat.gov.in

**Website:** https://foodcommission.gujarat.gov.in

ગુજરાત રાજ્ય અન્ન આયોગ

## ગુજરાત સરકાર

## અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ

# ગુજરાત રાજ્ય અન્ન આયોગ

## ચોથો વાર્ષિક અહેવાલ ૨૦૨૦-૨૧




"અન્ન ભવન" ટાઉન હોલની બાજુમાં, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭

ફોન નંબર : (૦૭૯) ૨૩૨ ૫૮૪૮૫

E-mail ID : sfc-gujarat@gujarat.gov.in

Website: https://foodcommission.gujarat.gov.in



## સંદેશ

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમની કલમ-૧૬(૬)(એફ)ની જોગવાઇ મુજબ ગુજરાત રાજ્ય અન્ન આયોગનો વાર્ષિક અહેવાલ આયોગે વિધાનસભામાં રજૂ કરવાનો હોય છે. તે અનુસાર ગુજરાત રાજ્ય અન્ન આયોગનો વર્ષ ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ ગુજરાત વિધાનસભા સમક્ષ રજૂ કરતાં આનંદ અનુભવુ છું.

રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩ હેઠળ અગ્રતા ધરાવતા કુટુંબોને રાઇટ ટુ ફૂડ (R.T.F.) મેળવવાના હકકનું સરકારી તંત્ર દ્વારા સુનિશ્ચિત રીતે અમલ થાય તે માટે ખુબ જવાબદારી પૂર્વક કાર્યવાહી કરવા તેમજ રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩(N.F.S.A.) અન્વયે છેવાડાના નાગરિકને નિયત જથ્થામાં અને સમયસર અનાજ મળી રહે તે માટે આયોગ ખૂબ આગ્રહી છે.

વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા "અન્ન સુરક્ષા કાયદા-૨૦૧૩" અંતર્ગત પાત્રતા ધરાવતા પરંતુ વિવિધ કારણોસર બાકાત રહી ગયેલ લાભાર્થીઓના સર્વે માટે ઝૂંબેશ હાથ ધરીને એન.એફ.એસ.એ. હેઠળ સમાવેશ કરવા અંગેની કામગીરી કરવામાં આવેલ છે. રાજ્ય સરકારના ઉપરોક્ત નિર્ણયથી અંદાજે ૧૦ લાખ કુટુંબોની ૫૦ લાખ જેટલી જનસંખ્યાને "રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા-૨૦૧૩" હેઠળ આવરીને પ્રતિ વ્યક્તિને ૩.૫ કિલો ઘઉં તથા ૧.૫ કિલો ચોખા મળીને ૫ કિલો અનાજ આપવાનો નિર્ણય કરેલ છે. આ ઉપરાંત રોજગાર કે અન્ય કારણોસર ગુજરાતમાં વસવાટ કરતા હોય તેવા N.F.S.A. રેશનકાર્ડ ધરાવતા પરપ્રાંતિય નાગરિકો Inter State Portability અંતર્ગત સમગ્ર રાજ્યમાં આવેલ ૧૭ હજારથી વધુ વાજબી ભાવની દુકાનો પૈકી પસંદગીની કોઇપણ દુકાનેથી અન્ન પુરવઠો મેળવી શકાય તે સુનિશ્ચિત કરવા અંગેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. N.F.S.A. રેશનકાર્ડ ધારક પોતાના કોઇપણ હાથના અંગૂઠા/આંગળીની છાપ દ્વારા અથવા પોતાના નોંધાયેલ મોબાઇલ પર OTP (One Time Password) મેળવી, પોતાની ઓળખ પ્રસ્થાપિત કરીને સમગ્ર રાજ્યમાં કોઇપણ વાજબી ભાવની દુકાનેથી અન્ન પુરવઠો મેળવી શકાય તે સુનિશ્ચિત કરવા અંગેની કામગીરી કરવામાં આવેલ છે.

આ ઉપરાંત મધ્યાહન ભોજન યોજના કેન્દ્રોના લાભાર્થી બાળકો, આંગણવાડી કેન્દ્રોનાં લાભાર્થી બાળકો તથા ધાત્રી અને સગર્ભા મહિલાઓને નિયમિત રીતે સરકાર દ્વારા નિયત કરેલ મેનુ મુજબનું સારૂ ગુણવતા વાળુ અને પૂરતુ ભોજન મળી રહે તે સારૂ ગુજરાત રાજ્ય અન્ન આયોગ સતત પ્રયત્નશીલ છે.

રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩ (N.F.S.A.)નો ચુસ્તપણે અમલ થાય અને કોઇ વ્યકિત અનાજથી તથા આહારથી વંચિત ન રહી જાય તેનુ ચુસ્તપણે અમલીકરણ કરવા માટે ગુજરાત રાજ્ય અન્ન આયોગ પ્રતિબદ્ધ છે.

તા. ૦૬/૦૮/૨૦૨૧
ગાંધીનગર

**મોહમ્મદ શાહિદ, IAS**
અધ્યક્ષશ્રી
ગુજરાત રાજ્ય અન્ન આયોગ

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧ | ગુજરાત રાજ્ય અન્ન આયોગનો પરિચય | ૧ |
| ૨ | ગુજરાત રાજ્ય અન્ન આયોગની રચના | ૨ |
| ૩ | ગુજરાત રાજ્ય અન્ન આયોગની કામગીરી | ૩ |
| ૪ | ગુજરાત રાજ્ય અન્ન આયોગને બારોબાર મળેલ ફરિયાદોની વિગતો | ૪ |
| ૫ | ગુજરાત રાજ્ય અન્ન આયોગની કચેરીમાં મળેલ બેઠકોની વિગતો | ૪ |
| ૬ | ગુજરાત રાજ્ય અન્ન આયોગની વેબસાઇટ | ૪ |
| ૭ | ગુજરાત રાજ્ય અન્ન આયોગનું બજેટ | ૫ |
| ૮ | માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ બાબત | ૫ |
| ૯ | જિલ્લા ફરીયાદ નિવારણ અધિકારીશ્રીઓના ટેલીફોન નંબર, E-mail IDની વિગતો દર્શાવતું પત્રક–એનેક્ષર–૧ | ૬ |

# ગુજરાત રાજ્ય અન્ન આયોગ

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અન્વયે લાભાર્થીઓને સસ્તા અનાજની દુકાનો પરથી નિયત ભાવે, નિયત જથ્થાનું અને સારી ગુણવત્તાનું અનાજ મળી રહે, કોઇ ગરીબ વ્યક્તિ અનાજથી વંચિત ન રહી જાય તથા મધ્યાહન ભોજન યોજના હેઠળ પ્રાથમિક શાળાના બાળકોને નિયત કરેલ મેનુ મુજબનો ગુણવત્તાયુક્ત આહાર મળી રહે તેમજ આંગણવાડી કેન્દ્રો પર આંગણવાડીના બાળકો, ધાત્રી અને સગર્ભા મહિલાઓને ગુણવત્તાયુક્ત અને પોષણક્ષમ આહાર પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે અને સમગ્ર રીતે રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો–૨૦૧૩નો સુચારૂ રીતે અમલ થાય તે માટે સમીક્ષા અને મોનીટરીંગની કામગીરી આયોગ દ્વારા કરવામાં આવે છે. રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો–૨૦૧૩ હેઠળ લાભાર્થીઓને મળવાપાત્ર અનાજ/આહારને લગતી આનુષાંગિક ફરિયાદોના નિવારણ માટે જિલ્લા કક્ષાએ જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીની નિમણૂંક કરવામાં આવેલ છે. જો લાભાર્થી જીલ્લા ફરિયાદ નિવારણ અધિકારીના નિર્ણયથી અસંતુષ્ઠ હોય તો અપીલ કરવા માટે એપલેટ ઓથોરીટી તરીકે ગુજરાત રાજ્ય અન્ન આયોગની રચના કરવામાં આવેલ છે. આ ઉપરાંત લાભાર્થી તેની ફરિયાદ બાબતે સીધી આયોગને અરજી પણ કરી શકે છે. જરૂર જણાયે આયોગ suo-moto કાર્યવાહી પણ કરી શકે છે.

********

# ગુજરાત રાજ્ય અન્ન આયોગની રચના:-

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમની કલમ-૧૬ અને કલમ-૪૦ની જોગવાઇ મુજબ ગુજરાત રાજ્ય અન્ન આયોગના કાર્યરીતિ અંગેના નિયમો અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતનો વિભાગના તા.૨૬/૧૦/૨૦૧૬ના જાહેરનામાં ક્રમાંક-GTH/2016/36/PDS / 102016/2086/C1થી બહાર પાડવામાં આવ્યા.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગના તારીખ ૨૫/૧૧/૨૦૧૬નાં જાહેરનામા અન્વયે રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમના હેતુ માટે સંબંધિત જિલ્લાનાં નિવાસી અધિક કલેકટર (આર.એ.સી.)ને જિલ્લા ફરિયાદ અધિકારી તરીકે મુકરર કરેલ છે અને અમદાવાદ જિલ્લાનાં નિવાસી અધિક કલેકટર (આર.એ.સી.)ને તથા અન્ન નિયંત્રક, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી, અમદાવાદને પણ જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી તરીકે મુકરર કરેલ છે.

અન્ન સલામતી કાયદા-૨૦૧૩ની કલમ-૧૬ની પેટા કલમ (૧) મુજબ અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો વિભાગના તા.૨૧/૦૩/૨૦૧૭નાં જાહેરનામાં ક્રમાંક-GTH/2017/11/PDS/102016/1667/C1અન્વયે ગુજરાત રાજ્ય અન્ન આયોગની રચના કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય અન્ન આયોગનો શુભારંભ તા.૧૦/૦૫/૨૦૧૭ના રોજ માન.મુખ્યમંત્રીશ્રીના કર-કમલો દ્વારા થયેલ.

માન. અધ્યક્ષશ્રી, માન. સભ્યસચિવશ્રી અને માન. સભ્યશ્રીઓની નિયુક્તિની બોલીઓ અને શરતો અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગનાં તા. ૧૮/૦૯/૨૦૧૭નાં જાહેરનામા ક્રમાંક - GTH/2017/23/PDS/102016/2572/C1થી નક્કી કરવામાં આવેલ છે.

અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહકોની બાબત વિભાગના તા.૨૯/૧૦/૨૦૨૦ જાહેરનામાં ક્રમાંક - GTH/2017/12/PDS/102017/92282/C1થી અધ્યક્ષશ્રી તથા તા.૨૯/૧૦/૨૦૨૦ જાહેરનામાં ક્રમાંકઃ- GTH/2020/16/PDS/102020/198/C1અન્વયે નીચે મુજબ ગુજરાત રાજ્ય અન્ન આયોગના ચેરપર્સન, તથા સભ્યસચિવશ્રીની નિયુક્તિ કરવામાં આવેલ છે.

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી મોહમ્મદ શાહિદ (IAS) | ચેરપર્સન(ઇન્ચાર્જ) |
| ૨ | શ્રી એમ. એ. નરમાવાલા (IAS) (નિ.) | સભ્યસચિવશ્રી |

ગુજરાત રાજ્ય અન્ન આયોગની કચેરી માટે અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો ના વિભાગ દ્વારા મહેકમ મંજુર કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી આઇ. યુ. નાયક | ઉપસચિવશ્રી |
| ૨ | શ્રી જે. વી. સાગર | સેકશન અધિકારી |
| ૩ | શ્રી મેહુલ કે જોશી | નાયબ સેકશન અધિકારી |
| ૪ | શ્રી પ્રતિક કોડિયાતર | ઓફીસ આસિસ્ટન્ટ |
| ૫ | શ્રી અમિતભાઇ એસ. પટેલ | સબ-ઓડીટર |

# ગુજરાત રાજય અન્ન આયોગની કામગીરી:-

અન્ન અને નાગરીક પુરવઠા વિભાગનાં તા.૨૧/૦૩/૨૦૧૭નાં જાહેરનામાંથી ગુજરાત રાજ્ય અન્ન આયોગની રચના કરવામાં આવેલ છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અન્વયે અંત્યોદય અન્ન યોજના હેઠળના રેશનકાર્ડ ધારકોને વાજબી ભાવની દુકાનેથી સરકાર દ્વારા દર મહિને ૨૫ કિલો ઘઉં રૂ.૨/- પ્રતિ કિ.ગ્રા.ના ભાવે તથા ૧૦ કિલો ચોખા રૂ.૩/- પ્રતિ કિ.ગ્રા.ના ભાવે તથા અગ્રતા ધરાવતા કુંટુંબ હેઠળના રેશનકાર્ડ ધારકોને વ્યકિત દિઠ પ્રતિ માસ ૩.૫ કિલો ઘઉં રૂ.૨/- પ્રતિ કિ.ગ્રા.ના ભાવે તથા ૧.૫ કિલો ચોખા રૂ.૩/-પ્રતિ કિ.ગ્રા.ના ભાવે મળી રહે અને કોઇ ગરીબ વ્યકિત મળવાપાત્ર અનાજથી વંચિત ન રહી જાય અને કાયદાનો સારી રીતે અમલ થાય એ માટે મોનિટરીંગ અને સમિક્ષા કરવાની કામગીરી આયોગ દ્વારા હાથ ધરવામાં આવે છે. કાર્ડ હોલ્ડર નિયત ભાવે મળવાપાત્ર અનાજ ન મળવા બાબતે, ઓછું અનાજ મળવા બાબતે તથા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ અન્વયે લાભાર્થી તરીકે સમાવેશ ન કરવા બાબતની ફરીયાદ જિલ્લા કક્ષાએ જિલ્લા ફરીયાદ નિવારણ અધિકારી (DGRO) તરીકે નિયુક્ત કરેલ નિવાસી અધિક કલેકટરશ્રીને કરી શકે છે.

મધ્યાહન ભોજન યોજના અન્વયે સરકાર દ્વારા નિયત કરેલ મેનું મુજબનું સારૂં ગુણવતાવાળું અને પૂરતું ભોજન મળી રહે તે માટે તેમજ તેને લગતી ફરીયાદોનાં નિવારણ માટે જિલ્લા કક્ષાએ DGRO તરીકે શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાએ નિવાસી અધિક કલેકટરશ્રીની નિમણૂંક કરવામાં આવેલ છે.

આંગણવાડી કેન્દ્રની યોજનાઓ અન્વયે સગર્ભા અને ધાત્રી મહિલાઓને તથા આંગણવાડીનાં બાળકોને સરકારશ્રીએ નિયત કરેલ પોષણક્ષમ આહાર મળવા અંગેની ફરીયાદોનાં નિવારણ માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાએ DGRO તરીકે જિલ્લા પંચાયતના વર્ગ-૧ કક્ષાનાં અધિકારીશ્રીની નિમણૂંક કરવામાં આવેલ છે.

લાભાર્થીઓ DGROના નિર્ણયથી અસંતુષ્ઠ હોય તો તે સંદર્ભે રાજયકક્ષાએ ગુજરાત રાજય અન્ન આયોગ ગાંધીનગરને અપીલ કરવાની જોગવાઇ કાયદામાં થયેલ છે. તદઉપરાંત ગુજરાત રાજય અન્ન આયોગને બારોબાર મળેલ ફરીયાદો અન્વયે જરૂર જણાયેથી સુઓ-મોટો કાર્યવાહી સહિત ફરીયાદોના નિવારણ અર્થે જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે.

વધુમાં જીલ્લા કક્ષાએ ફરીયાદ નિવારણ અધિકારીશ્રીને ફરીયાદ કરવા બાબતે તથા રાજ્યકક્ષાએ આયોગમાં અપીલ કરવા બાબતે તેમજ સીધી ફરિયાદ કરી શકાય તેની લાભાર્થીઓને જાણકારી મળી રહે તે માટે આયોગ દ્વારા વિવિધ માધ્યમો દ્વારા જાહેરાત કરવામાં આવેલ છે.

*********

## ગુજરાત રાજ્ય અન્ન આયોગને બારોબાર મળેલ ફરિયાદોની વિગતો:-

આયોગને તા.૦૧/૦૪/૨૦૨૦ થી તા. ૩૧/૦૩/૨૦૨૧ સુધીમાં લાભાર્થીઓ તરફથી અનાજ ન મળવા બાબતની તેમજ અન્ન સલામતિ કાયદો-૨૦૧૩ હેઠળ લાભાર્થી તરીકે સમાવેશ ન કરવા બાબતની મધ્યાહન ભોજન યોજના અને આંગણવાડી યોજના સહિતની કુલ-૧૦૯ ફરીયાદો બારોબાર મળેલ હતી. જે ફરિયાદો અંગે જિલ્લા કક્ષાએ જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીશ્રી પાસેથી અહેવાલો મેળવવામાં આવેલ અને તમામ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવેલ છે. સદરહુ સમયગાળા દરમ્યાન આયોગને કોઇ અપીલ મળેલ નથી.

*********

## ગુજરાત રાજ્ય અન્ન આયોગની કચેરીમાં મળેલ બેઠકોની વિગતો:-

ગુજરાત રાજ્ય અન્ન આયોગ, ગાંધીનગર ખાતે માનનીય અધ્યક્ષશ્રીના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ અન્વયે તેમજ આયોગની કચેરીની કામગીરી અંગે સમીક્ષા માટે તા.૦૨/૦૨/૨૦૨૧ના રોજ બેઠકનું આયોજન કરવામા આવેલ, જેમાં માન. અધ્યક્ષશ્રી, માન. સભ્યસચિવશ્રી, ઉપસચિવશ્રી તથા સેકશન અધિકારી હાજર રહ્યા હતા.

*********

## ગુજરાત રાજ્ય અન્ન આયોગની વેબસાઇટ:-

રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો – ૨૦૧૩ના સુચારૂ અમલીકરણ માટે લાભાર્થીઓને તેમજ જાહેર જનતાને પણ જરૂરી માહીતી ઉપલબ્ધ થાય તે માટે સરકાર દ્વારા ગુજરાત રાજ્ય અન્ન આયોગની અદ્યતન વેબસાઇટ (www.foodcommission.gujarat.gov.in)પણ ગુજરાતી અને અંગ્રેજી બંનેમાં ડેવલપ કરવામાં આવી છે. જેમાં ગુજરાત રાજ્ય અન્ન આયોગની પ્રવૃત્તિઓ, ઉદ્દેશો, સભ્યશ્રીઓની યાદી, અપીલો, ફરિયાદો અને સુઓ-મોટો કેસોની આંકડાકીય માહિતી, કાયદા નિયમો, જાહેરનામા, સરકારી ઠરાવ, ચુકાદાઓ, અરજીપત્રકો, અંદાજપત્રની વિગતો, ટૂંકી પ્રશ્નોત્તરી, સંપર્ક અને મીડીયા જેવી વિગતોનો સમાવેશ કરવામાં આવેલ છે.

*********

## ગુજરાત રાજ્ય અન્ન આયોગનું બજેટ:-

ગુજરાત રાજ્ય અન્ન આયોગ માટે વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ. ૩૨૫.૦૦ લાખની બજેટ ફાળવણી થયેલ, જે અન્વયે સુધારા અંદાજપત્રની જોગવાઇ રૂ. ૨૮૦.૦૦ લાખ જોગવાઇ થયેલ છે.

**********

## માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ બાબત

માહિતીનો અધિકાર અધિનિયમ ૨૦૦૫ ની કલમ-૫(૧) તથા કલમ-૫(૨) અને કલમ-૧૯(૧)ની જોગવાઇ અન્વયે ગુજરાત રાજ્ય અન્ન આયોગમાં એપલેટ અધિકારી તથા જાહેર માહિતી અધિકારી (પી.આઇ.ઓ) તરીકે નીચે મુજબના અધિકારીશ્રીઓની નિયુકિત કરવામા આવે છે.

(૧) જાહેર માહિતી અધિકારી :-

શ્રી જે. વી. સાગર

સેકશન અધિકારી, ગુજરાત રાજ્ય અન્ન આયોગ,
"અન્ન ભવન", ટાઉન હોલની બાજુમાં, સેકટર-૧૭, ગાંધીનગર.
ટેલિફોન નં. ૦૭૯-૨૩૨-૫૮૪૮૬

(૨) એપલેટ અધિકારી:-

શ્રી આઇ. યુ. નાયક

ઉપસચિવશ્રી, ગુજરાત રાજ્ય અન્ન આયોગ,
"અન્ન ભવન", ટાઉન હોલની બાજુમાં, સેકટર-૧૭, ગાંધીનગર.
ટેલિફોન નં. ૦૭૯-૨૩૨-૫૮૪૯૨

**********

## DGRO-RAC All District of Gujarat

| Sr. No. | DISTRICT | PHONE NO. (STD Code) | E-mail |
|---|---|---|---|
| 1 | Ahmedabad | 079-27551046 | collector-ahd@gujarat.gov.in |
| 2 | Amreli | 0279-228903 | collector-amr@gujarat.gov.in |
| 3 | Anand | 02692-262040 | collector-and@gujarat.gov.in |
| 4 | Arvalli | 02774-250214 | collectoraravalli@gmail.com |
| 5 | Banaskanta | 02742-252530<br>02742-254004 | collector-ban@gujarat.gov.in |
| 6 | Bharuch | 02642-222332 | collector-bha@gujarat.gov.in |
| 7 | Bhavnagar | 0278-2421881 | collector-bav@gujarat.gov.in |
| 8 | Botad | 02849-271302 | collector-botad@gujarat.gov.in |
| 9 | Chhotaudepur | 02669-233004 | collectorchhotaudepur@gmail.com |
| 10 | Dahod | 02673-239234 | collector-dah@gujarat.gov.in |
| 11 | Dang | 02631-220221 | collector-dan@gujarat.gov.in |
| 12 | Devbhumi-Dwarka | 02833-232620<br>02833-232804 | collector-devbdwarka@gujarat.gov.in |
| 13 | Gandhinagar | 079-23259035 | collector-gnr@gujarat.gov.in |
| 14 | GirSomnath | 02876-240003 | collectorgirsomnath@gmail.com<br>collector-girsomnath@gujarat.gov.in |
| 15 | Jamnagar | 0288-2550284 | collector-jam@gujarat.gov.in |
| 16 | Junagadh | 0285-2636666 | collector-jun@gujarat.gov.in |
| 17 | Kachchh | 02832-250650 | collector-kut@gujarat.gov.in |
| 18 | Kheda | 0268-2553336 | collector-khe@gujarat.gov.in |
| 19 | Mahisagar | 02674-250666 | collector-mah@gujarat.gov.in |
| 20 | Mehsana | 02762-22203 | collector-meh@gujarat.gov.in |
| 21 | Morbi | 02822-241602 | collector-morbi@gujarat.gov.in |
| 22 | Narmada | 02640-222326 | collector-nar@gujarat.gov.in |
| 23 | Navsari | 02637-246299 | collector-nav@gujarat.gov.in |
| 24 | Panchmahals | 02672-242450 | collector-pan@gujarat.gov.in |
| 25 | Patan | 02766-233400 | collector-pat@gujarat.gov.in |
| 26 | Porbandar | 0286-2221085 | collector-por@gujarat.gov.in |
| 27 | Rajkot | 0281-2476374 | collector-raj@gujarat.gov.in |
| 28 | Sabarkantha | 02772-246012 | collector-sab@gujarat.gov.in |
| 29 | Surat | 0261-2660011 | collector-sur@gujarat.gov.in |
| 30 | Suredranagar | 02752-285200 | collector-srn@gujarat.gov.in |
| 31 | Tapi-Vyara | 02626-224450 | collector-tapi@gujarat.gov.in |
| 32 | Vadodara | 0265-2419700 | collector-vad@gujarat.gov.in |
| 33 | Valsad | 02632-253731 | collector-val@gujarat.gov.in |

--------

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR